## જન્મદિને વધામણી


ભાવનાબેન જયંતિલાલ સાકરિયા


એલિસા રાકેશકુમાર પટેલ
મો. ૯૪૨૭૦ ૪૩૮૩૫


મંથન રીકીત સોની
મો. ૯૮૨૪૫ ૪૪૦૯૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

\- સંપાદક

ગાંધીનગરના કલાકારો દ્વારા

# આંબેડકર હૉલ ખાતે જૂની રંગભૂમિનું નાટક ‘શેણી વિજાણંદ’ ભજવાયું





ડૉ. આંબેડકર હૉલ, ગાંધીનગર ખાતે જૂની રંગભૂમિના ખ્યાત નાટક ‘શેણી વિજાણંદ’નું મંચન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી પ્રસ્તુત આ નાટકનું દિગ્દર્શન ગાંધીનગરના જાણીતા કલાકાર પાલા ગઢવી દ્વારા કરવામાં આવ્યું હતું. નાટ્યપ્રયોગને ગાંધીનગરના નાટ્યરસિકોએ ખૂબ માણ્યો ને વખાણ્યો હતો. નાટકમાં ગાંધીનગરના કલાકાર મોનાલી રાવલ, નિરાલી જોષી, શ્રુતિક સોની, સુરેન્દ્રસિંહ પરમાર, મયુર અમીન, રાજન નિનામા, નિવર વૈદ્ય, સુજાનદાન ગઢવી, રીધમ દત્ત, પાલા ગઢવી અને મૂળ ગાંધીનગરનાં તથા હાલ દિલ્હી રહેતાં વિભાબેન ઠક્કરે અભિનયનાં અજવાળાં ફેલાવ્યાં હતાં.

# ‘સૅટરડે નાઈટ્સ’ને ગજાવતો ‘બેવફા સાજણ’





પ્લગ-ઈન્સ ઍન્ટરટેઈનટમેન્ટ્સ પ્રસ્તુત ‘સૅટરડે નાઈટ્સ’ એ ગાંધીનગર શહેરના કલાપ્રેમીઓ માટે હવે જાણીતું નામ છે. દર શનિવારે રાત્રે ચ-૪ પાસે, સ્વર્ણિમ પાર્કમાં શહેરના યુવાનો દ્વારા પ્રસ્તુત નિઃશુલ્ક મનોરંજક કાર્યક્રમને ‘સૅટરડે નાઈટ્સ’ શિર્ષક આપવામાં આવ્યું છે ને હવે તો એને નિયમિત દર્શકો પણ મળવા લાગ્યા છે. ગત શનિવારે સૅટરડે નાઈટ્સમાં લગ્નેતર સંબંધો અંગે જાગૃતિ કેળવવા અંગે નાટકનું મંચન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ‘બેવફા સાજણ’ નામનું આ નાટક સૅટરડે નાઈટ્સમાં હપ્તાવાર ચાલી રહ્યું છે ને ગત શનિવારે તેનો બીજો ભાગ ભજવવામાં આવ્યો હતો. દર્શકોએ મન ભરીને આ નાટકને માણ્યું ને વખાણ્યું હતું. નાટક ઉપરાંત સૅટરડે નાઈટ્સમાં આ વખતે પણ હંમેશની જેમ સિંગીંગ અને ડાન્સીંગનો સમાવેશ કરવામાં આવ્યો હતો તથા પ્રથમ વખત લોક ગીતની પ્રસ્તુતિ પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમની વિશેષતા એ છે કે તેને કોઈપણ પ્રકારની ફી ભર્યા વિના દર શનિવારે લાઈવ જોઈ શકાય છે અને જો ચૂકી પણ જવાય તો આખોય કાર્યક્રમ ઑનલાઈન પણ નિહાળી શકાય છે. ટૅકનોલૉજી સેવી અને સોશિયલ મીડિયા લવર્સ એવા આ કલાકાર યુવાનો સોશિયલ મીડિયા ઉપર પણ આવા જ સક્રિય છે. ફેસબૂક, યુટ્યુબ કે ગૂગલ પર ‘સૅટરડે નાઈટ્સ વિથ પાઈ’, ફાઈફેમિલી કે પાઈવિડીયોઝ સર્ચ કરવાથી આ આખોય કાર્યક્રમ કે તેના જૂના ઍપિસોડ અને ફોટોગ્રાફસ પણ જોવા મળી શકે છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
હાઉસફૂલ ૩
૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૨**
હાઉસફૂલ ૩
૧૨.૩૦, ૩.૩૦ ૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૩**
નિન્જા ટર્ટલ્સ (૩ડી અંગ્રેજી)
૧.૦૦, ૭.૪૫
નિન્જા ટર્ટલ્સ (૩ડી હિન્દી)
૩.૧૫, ૧૦.૦૦
એન્ગ્રી બર્ડ (હિન્દી ૩ડી)
૫.૩૦

**સ્ક્રીન-૪**
સરબજીત
૬.૪૫
વિરપ્પન
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૫**
હાઉસફૂલ ૩
૧૦.૦૦, ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦

# ગરમીમાં માનસિક ક્ષુધા સંતોષતી પુસ્તક પરબ



વિશ્વ પર્યાવરણ દિવસે હરિયાળા ઘ-૪ના સર્કલે વૃક્ષના છાંયા નીચે દર માસના પ્રથમ રવિવારે યોજાતી પુસ્તક પરબ આ વખતે માનસિક ક્ષુધાને સંતૃપ્તિ આપતી સાબિત થઈ.

પુસ્તક પરબની મુલાકાત લેનાર સૌને બે પુસ્તક અને બે મૅગેઝિન મફત આપવામાં આવે છે. આ વખતે જાણીતા વાર્તાકાર-લેખક રાઘવજી માધડ પુસ્તક પરબની મુલાકાત લઈ અઢળક મૅગેઝીન અને પુસ્તકો ભેટમાં આપી ગયા. માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના નેજા હેઠળ પ્રજ્ઞાબેન પટેલ અને સાથીઓ અશોક ત્રિવેદી, આશા સરવૈયા, કિશોર જીકાદરા, ધુર્જટી પ્રજાપતિ, રણછોડભાઈ પરમાર, દિશાન્ત ગર્ગ, રોહા પરમાર અને સાહિત્ય સભાના મંત્રી સંજય થોરાત સ્વેચ્છાએ આ પુસ્તક પરબને ધમધતી રાખે છે. પુસ્તક પરબના સંનિષ્ઠ કાર્યકર અશોક ત્રિવેદી કૈલાસ માનસરોવરની યાત્રાએ જતા હોવાથી પ્રજ્ઞાબેન પટેલ, સંજય થોરાતે શ્રીફળ-સાકર આપી શુભેચ્છા અર્પી જ્યારે આશાબેન સરવૈયા અને કિશોર જીકાદરાએ શાળ ઓઢાડી પુસ્તક પરબ વતી પ્રભુ મહાદેવનાં નિર્વિઘ્ને દર્શન થાય એવી પ્રાર્થના કરી. કાર્યક્રમમાં ગાંધીનગર સમાચારના કટાર લેખક અજય ઉપાધ્યાય અને પત્રકાર સમીર રામી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ગોળ અને ચોખાનું વિતરણ





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શનિ જયંતિ નિમિત્તે ગુજરાત રાજ્યની સરહદે સ્થિત ગોઠ ગામમાં પાંચ ગામોનાં ૪૮ જેટલાં વૃધ્ધોને ૧ કિગ્રા ગોળ તથા ૩ કિગ્રા ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સૌને વિશાળ પરિસરમાં બેસાડી નાસ્તો પણ કરાવવામાં આવ્યો હતો. નાસ્તા માટે સૌજન્ય ‘રાધે’ તરફથી પ્રાપ્ત થયું હતું. આ વિતરણ બાદ રૂદ્રાલ ગામના મહાદેવ મંદિર પરિસરમાં ૫૮ બહેનોને ૩ કિગ્રા ચોખાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં સંસ્થાના કલાસવાભાઈ, ગામેતીભાઈ, બિપીનભાઈ, મિલિન્દભાઈ જોડાયા હતા.

# ‘ઈ-વેસ્ટ કચરો અલગ કરીએ, સ્વચ્છતા સોપાન સર કરીએ’

## પર્યાવરણ દિવસે પ્રદૂષણ નિયંત્રણ બૉર્ડ દ્વારા નવતર પ્રકાશન

‘ઈ-વેસ્ટ કચરો અલગ કરીએ, સ્વચ્છતા સોપાન સર કરીએ’. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બૉર્ડ, ગાંધીનગર દ્વારા આ પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું છે, જેમાં માર્ગદર્શક તરીકે બૉર્ડના અધ્યક્ષ પૂનમચંદ પરમાર અને સભ્ય સચિવ હાર્દિક શાહનાં નામો છે..




ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બૉર્ડના પૂર્વ જનસંપર્ક અધિકારી અને ગાંધીનગરના નાગરિક તથા ‘ગાંધીનગર સમાચાર’ના કૉલમિસ્ટ નરેશ ઠાકર દ્વારા આ પુસ્તકનું સંકલન અને લેખન કરવામાં આવ્યું છે તથા ગાંધીનગરમાં જ કૅપિટલ ઑફસેટ ખાતે આ પુસ્તક મુદ્રિત થયું છે.

પ્રથમ પાને વન અને પર્યાવરણ મંત્રી મંગુભાઈ પટેલનો શુભેચ્છા સંદેશ છે, જેમાં તેમણે જણાવ્યું છે કે ‘પર્યાવરણ સુરક્ષા અધિનિયમ-૧૯૮૯૬ હેઠળ વર્ષ ૨૦૧૧માં પ્રસિદ્ધ કરવામાં આવેલ ઈલેક્ટ્રીકલ અને ઈલેક્ટ્રોનિક્સ સાધનો જ્યારે બિનઉપયોગી બને છે, તેવા ઈ-વેસ્ટ ગણાતા કચરાના નિકાલ માટેનો કાયદો અમલમાં હતો. સર્વોદયની નેમ સાથે સ્વચ્છ ભારત અભિયાન રાષ્ટ્રથી રાજ્ય સ્તરે આગળ વધી રહ્યું છે ત્યારે પર્યાવરણ સુરક્ષા અધિનિયમ-૧૯૮૬ હેઠળના પ્લાસ્ટીક વેસ્ટ, બાયોમેડિકલ વેસ્ટ, હેઝાડ્ર્સ વેસ્ટ સાથોસાથે ઈ-વેસ્ટના નિયમો પછી હવે ઈ વેસ્ટ (મેનેજમેન્ટ) રૂલ્સ, ૨૦૧૬ના નામે નિયમો અમલમાં મૂકવા સરકારે જાહેરનામું બહાર પાડ્યું છે..... ઈ વેસ્ટના કાયદાના સુચારુ અમલ માટે બૉર્ડે ઈ-વેસ્ટના કાયદાને ગુજરાતીમાં સરળ રીતે સમજાવવા આ પુસ્તિકા તૈયાર કરી છે. ઈલેક્ટ્રોનિક્સ ચીજ-વસ્તુઓના નકામા કે બિનઉપયોગી ગણાતા ઈ-વેસ્ટના પદ્ધતિસર નિકાલ માટે ચોક્કસ પગલાં લઈને આ જોખમી કચરો નગરના કચરા સાથે ન ભળે તેવી ખાસ ગોઠવણ કરીને સ્વચ્છતા અભિયાન સાથોસાથ ગુજરાતને વધુ ગતિશીલ બનાવવાનો હેતુ સમાયેલ છે.’

બીજા પાને વન અને પર્યાવરણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી બચુભાઈ ખાબડનો શુભેચ્છા સંદેશ, ત્રીજા પાને બૉર્ડના અધ્યક્ષ અને વન પર્યાવરણ વિભાગના અગ્ર સચિવ પૂનમચંદ પરમારનો સંદેશ, ચોથા પાને સભ્ય સચિવ હાર્દિક શાહ દ્વારા પ્રસ્તાવના તથા પાંચમે પાને અનુક્રમણિકા આ પુસ્તકમાં છે.

૬૨ પાનાંના આ પુસ્તકને કુલ ૩૮ જેટલાં પ્રકરણોમાં વહેંચવામાં આવ્યું છે. જે પૈકી પ્રકરણ-૨૯થી ૩૮માં પ્રોડ્યુસર, મેન્યુફેક્ચરર્સ, ઓથોરિટી વગેરે માટે વિવિધ ફૉર્મ્સ પણ આપવામાં આવ્યાં છે.

ઈ-વેસ્ટ એટલે શું અને ઈ વેસ્ટનો કાયદો કોને લાગુ પડે, એ પક્ષકારોએ કે ઓથોરિટીએ શું કાર્યવાહી કરવાની છે, શું પગલાં લેવાનાં છે વગેરે બધી જ માહિતી સરળ ગુજરાતીમાં આ પુસ્તકમાં આપવામાં આવી છે. એટલું જ નહીં, પરંતુ અંગ્રેજી ભાષાના જાણકારો માટે આ બધી માહિતી અને ઈ-વેસ્ટના કાયદાની સમજ આ જ પુસ્તકમાં અંગ્રેજી ભાષામાં પણ ઉપલબ્ધ છે. આમ, અંગ્રેજી અને ગુજરાતી એમ બંને ભાષામાં કાયદાની ને તે અંગે કરવાની થતી કાર્યવાહીની સંપૂર્ણ સમજ આ પુસ્તકની સહાયથી વાચકોને મળી રહે છે.

શૈક્ષણિક સંસ્થાઓ, ઉદ્યોગો તો ઠીક પરંતુ સામાન્ય જનતા માટેય ઉપયોગી છે આ પુસ્તક, એના માટે જીપીસીબીને અભિનંદન.

# પિતાતુલ્ય આવા ગુરુ મળ્યા તેથી ભણવામાં આગળ વધી શકાયું

**સંવેદના**
**મારા ગુરુ ગૌરવશાળી**



મારા અને તમારા સૌના ગુરુઓને વંદન કરી મારા ગુરુઓને યાદ કરું છું.

૧૯૫૩ની વાત છે. અમારા આચાર્ય અમને ધોરણ-૭ ફાઈનલ ભણાવે. સવારે ૧૧થી સાંજે ૫ રેગ્યુલર સમયમાં શાળા ચાલે. પરંતુ તેઓ સાંજે ૭ વાગે પણ અમને બોલાવે ને દોઢથી બે કલાક ભણાવે. એમાં કન્યાઓ પણ ખરી. માતા-પિતા રાત્રે ૯ વાગ્યે ફાનસ લઈને દીકરીઓને મૂકવા આવે. સાહેબ પોતે ટીબીના પેશન્ટ હતા પરંતુ તેમ છતાં કામમાં ક્યાંય કચાશ નહિ. એમના પ્રતાપે મને ફાઈનલમાં ૬૨ ટકા મળ્યા હતા અને વતનમાં જ નોકરી પણ મળી ગઈ હતી. સાહેબ અત્યારે પોતાના પુત્ર સાથે અમેરિકામાં સ્થાયી થયા છે. વંદન છે આવા ગૌરવશાળી પ્રાથમિક શાળાના આચાર્ય અને મારા પ્રથમ ગુરુને.

મારા બીજા ગુરુ શ્રી રતિભાઈ દેસાઈ, જેઓ શ્રી રામ સર્વવિદ્યાલય માધ્યમિક શાળાના આચાર્ય હતા. અણીશુદ્ધ ગાંધીવાદી. જાતે ખાદી કાંતે ને વસ્ત્રો પહેરે. ૧૯૫૬માં એસએસસીમાં તેમની પાસે ભણવાનું સૌભાગ્ય મળ્યું. દરેકને દીકરાની જેમ ધ્યાન રાખીને ભણાવતા. કોઈને જરૂર હોય તો આર્થિક સહાય પણ કરે ને પોતાને ઘેર જમાડે પણ ખરા. પિતાતુલ્ય આવા ગુરુ મળ્યા તેથી જ ભણવામાં આગળ વધી શકાયું.

મારા ત્રીજા ગુરુ તે મારા આધ્યાત્મિક ગુરુ - શ્રી મંગલાનંદજી મહારાજ, ગીતામંદિર, અમદાવાદ-વાળા અને નારેશ્વર નિવાસી પૂ. ગુરુજી રંગઅવધૂતજી. જેમની કૃપાથી જીવન ધન્ય થયું છે. મારા સૌ ગુરુઓને અંતઃકરણથી વંદન!

\- શિવશંકર દવે

## વાચકોને આમંત્રણ

**‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જૂન માસનો વિષય છે :

**‘મારા પ્રેમાળ પાડોશી’**

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના પાડોશીનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે